આજનો સુવિચાર

પોતાની નિષ્ફળતા માટે બીજાને કારણભૂત માનવા કરતા પોતાનામાં રહેલા દોષોને સુધારવામાં આવે એમાં જ શાણપણ છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2020)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/2622650
Fax : (0285) 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૩ અંક : ૧૦૧ જૂનાગઢ તા. ૮-૪-૨૦૧૯ સોમવાર પાના : ૧૨ કિંમત ૨-૦૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, સેન્ટ્રલ જેઈલ રોડ, જૂનાગઢ. ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ

### કોંગ્રેસનાં ‘જન આવાઝ’ સામે ભાજપનું ‘સંકલ્પ પત્ર’ : ૨૦૪૭ સુધીમાં ભારત વિકસીત રાષ્ટ્ર બની જશે

# ૨૦૨૦ સુધી કિસાનોની આવક બમણી : ગ્રામીણ વિકાસ માટે રૂા. ૨૫ લાખ કરોડ

## નાના કિસાનો - દુકાનદારો માટે પેન્શન યોજના : ખેડૂતોને રૂા. ૧ લાખ સુધીની લોન ઉપર કોઈ વ્યાજ નહી : ૭૫ વર્ષ માટે ૭૫ લક્ષ્યાંક નિર્ધારીત : ‘‘રાષ્ટ્રવાદ અમારી પ્રેરણા, અંત્યોદય અમારૂ દર્શન’’ નરેન્દ્ર મોદી

નવી દિલ્હી તા. ૮

કોંગ્રેસ દ્વારા ‘જન આવાઝ’ નામે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યા બાદ ભાજપે આજે તેનો જવાબ આપતા ‘સંકલ્પ પત્ર’ જાહેર કર્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, અમિત શાહ, અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજ, રાજનાથસિંહ સહિતનાં ભાજપનાં વરીષ્ઠ નેતાઓએ સંકલ્પ પત્ર જાહેર કર્યો હતો.

ભાજપનાં સંકલ્પપત્રનાં મુખ્ય મુદા જોઈએ તો રામમંદીર ભાજપની પ્રાથમિકતા રહી હોવાનું જણાવ્યું હતું, રામમંદિરનાં નિર્માણ માટે જલ્દીથી સમાધાન થાય તેવું ભાજપ ઈચ્છે છે જો કે સંકલ્પ પત્રમાં મુખ્ય ફોકસ ખેડૂતો ઉપર રહયું હતું જેમાં ૨૦૨૨ સુધીમાં દેશનાં તમામ કિસાનોની આવક બમણી કરવાનું વચન આપવામાં આવ્યું છે. ગ્રામીણ વિકાસ ઉપર રૂા. ૨૫ લાખ કરોડ ખર્ચ કરવામાં આવશે. કિસાન ક્રેડીટ કાર્ડ ઉપર રૂા. ૧ લાખ સુધીનાં લોન ઉપર કોઈ વ્યાજ લેવામાં નહી આવે, નાના કિસાનોને ૬૦ વર્ષ બાદ પેન્શનનો લાભ આપવામાં આવશે. લઘુ - સીમાંત કીસાનોને પેન્શન યોજનાનો લાભ મળશે. નાના દુકાનદારોને પણ પેન્શન યોજનાનો લાભ મળશે. તમામ ગરીબ પરીવારોને પાકુ મકાન અને એલપીજી આપવામાં આવશે. ૭૫ નવી મેડીકલ કોલેજ અને પોસ્ટ ગ્રેજયુએટ કોલેજ ખોલવામાં આવશે. ૬ આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની સંગ્રહાલય બનાવવામાં આવશે. દેશનાં દરેક નાગરીકોને પાંચ કી.મી.નાં દાયરામાં બેન્કીંગ સુવિધા પ્રાપ્ત થશે. ૨૦૨૨ સુધીમાં તમામ રેલ્વે લાઈનનું બ્રોડગેજમાં રૂપાંતર કરવામાં આવશે. સમાન નાગરીક સંહિતા લાગુ કરવામાં આવશે વગેરે સંકલ્પ પત્રની મુખ્ય બાબતો છે.

આ સંકલ્પ પત્ર જાહેર કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહયું કે, જનનાં મનની વાત અમારા સંકલ્પ પત્રનો મંત્ર છે. રાષ્ટ્રવાદ પ્રેરણા, અંત્યોદય, અનુશાસન અમારો મંત્ર છે. દેશનાં ૭૫ વર્ષમાં અમે ૭૫ લક્ષ્ય નકકી કર્યા છે. વન મિશન, વન ડાયરેકશન સાથે અમે આગળ વધીશું. સુશાસન અમારી સરકારનો મંત્ર છે. સંકલ્પ પત્રમાં જનનાં મનની વાત છે. ૨૦૨૨માં અમે અમારા કામનો હિસાબ આપીશું. સંકલ્પ પત્ર અમારી સતત મહેનતનું પરીણામ છે. વ્યાપક જન સમર્થનને કારણે અમે છેલ્લા પાંચ વર્ષમાં દરેક કામ પૂર્ણ કર્યા છે તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું. દેશને આગળ વધારવા માટે આપણે મલ્ટી ડાયમન્સનલ લેવલથી આગળ વધવાનું રહેશે. દેશમાં તમામ લોકોને એક જ ડંડાથી ચલાવી શકાતા નથી અમે અલગ જલશકિત મંત્રાલય બનાવીશું. નળ થી જળ પહોંચાડનું કામ અમે કરીશું. તેમ તેમણે જણાવ્યું હતું. રાષ્ટ્રવાદ અમારી પ્રેરણા, અંત્યોદય અમારૂ દર્શન છે, વડાપ્રધાને કહયું કે, ગરીબ જ ગરીબીને હટાવી શકે છે. એસીમાં બેસનારા લોકો ગરીબી હટાવી શકે નહીં. અમે વિકાસને જન આંદોલન બનાવીશું. દેશ એક નવા ઉમંગ, નવા ઉત્સાહ સાથે ચાલી પડયો છે તેમ વડાપ્રધાને જણાવ્યું હતું.



# લોકસભાની ચૂંટણીનાં પરીણામ બે દિવસ મોડા આવશે : સુપ્રિમ કોર્ટે ચૂંટણીપંચને નિર્દેશ આપ્યો

## દરેક લોકસભા અને વિધાનસભા મત વિસ્તાર દીઠ પાંચ-પાંચ ઈવીએમ સાથે વીવીપેટ સ્લીપને વેરીફાઈ કરાશે : તા. ૨૩ને બદલે ૨૫ કે ૨૬ મેનાં રોજ પરીણામ જાહેર થશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૮

આજે સર્વોચ્ચ અદાલતે આપેલા એક મહત્વનાં ચુકાદાને કારણે તેની સીધી અસર લોકસભાની ચૂંટણીનાં પરીણામો ઉપર પડશે. સુપ્રિમ કોર્ટે ચૂંટણીપંચને નિર્દેશ આપ્યો છે કે, વીવીપેટ સ્લીપની પણ ગણતારી કરવામાં આવે અને ઈવીએમ સાથે વીવીપેટ સ્લીપ મેળવવા આવે તેવો આદેશ કર્યો છે. પહેલા એક લોકસભા બેઠક અનો એક વિધાનસભા બેઠક દીઠ એક વીવીપેટ મશીનની ગણતરી ધ્યાનમાં લેવામાં આવી હતી પરંતુ હવે સુપ્રિમ કોર્ટનાં નવા આદેશ મુજબ એક લોકસભા બેઠક અને તમામ વિધાનસભા બેઠક દીઠ પાંચ બુથનાં ઈવીએમ અને વીવીપેટની સરખામણી કરવામાં આવશે અને મેળવણી કરવામાં આવશે. સુપ્રિમ કોર્ટનાં નિર્દેશને કારણે અગાઉની સરખામણીએ હવે પાંચ ગણી વધુ વીવીપેટ સ્લીપની સરખામણી થશે. જેના માટે દોઢ દિવસનો વધુ સમય મત ગણતરીમાં લાગશે. અગાઉ તા. ૨૩ મેએ પરીણામ જાહેર થવાના હતા પરંતુ હવે ૨૫ અથવા ૨૬ મેનાં રોજ પરીણામ જાહેર થઈ શકે છે. ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શીતા લાવવા માટે આ પ્રકારનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે.

# મોદી સરકારે કાશ્મીરનાં સેંકડો નેતાઓને પુર્નઃ સુરક્ષા આપી

(દિલ્હી બ્યુરો) શ્રીનગર તા.૮

રવિવારે અને બુધવારે માત્ર સુરક્ષાદળોના વહન માટે જ હાઈવેનો ઉપયોગ કરવાના સરકારી આદેશના અમલના પ્રથમ જ દિવસે ગઈકાલે જમ્મુ-શ્રીનગર હાઈવે ઉપર અંધાધુંધી સર્જાઈ ગઈ હતી અને પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવાની રાજકીય પક્ષોએ ચેતવણી આપી છે તો બીજી તરફ મોદી સરકારે સેંકડો નેતાઓને ફરી સુરક્ષા પ્રદાન કરી છે.

કાશ્મીરના સંખ્યાબંધ રાજકીય નેતાઓની સુરક્ષા ગત મહિનાઓમાં પરત ખેંચી લેવામાં આવી હતી તે પાછી આપવામાં આવી છે.

ત્રાસવાદ હુમલાના જોખમ તથા જીંદગી ઉપર વ્યક્તિગત ખતરો ધરાવતા નેતાઓ ચૂંટણીમાં પ્રચાર કરી શકે તે માટે સંખ્યાબંધ નેતાઓને ફરી સુરક્ષા પ્રદાન કરવામાં આવીછે. ગુપ્તચર વિભાગના એક અધિકારીએ કેટલાક રાજકીય આગેવાનોને ફરી સુરક્ષા આપવામાં આવી તેનો ચોકકસ આંકડો આપ્યો ન હતો. પરંતુ આ આંકડો સેંકડોમાં આવતો હોવાના નિર્દેશ છે.

# આવકવેરાની કાર્યવાહીથી ભારે વિવાદ : ચૂંટણીપંચની સરકારને કડક ચેતવણી

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા. ૮

ચૂંટણીમાં હરીફોને દબાવવા માટે સરકારી એજન્સીઓના દુરૂપયોગના વિપક્ષી આરોપને પગલે હવે ચૂંટણી પંચ દ્વારા પણ નાણામંત્રાલયને ચેતવણી આપવામાં આવી છે અને એવી કડક સૂચના આપી છે કે ચૂંટણી વખતે નિષ્પક્ષ અને ભેદભાવથી દુર રહીને કાર્યવાહી કરવામાં આવે.

ચૂંટણી પંચના રેવન્યુ સેક્રેટરીએ સરકારને પત્ર લખીને એમ કહયું છે કે ચૂંટણી વખત કરવામાં આવતી કાર્યવાહી બદઈરાદાથી ન હોવી જોઈએ અને નિષ્પક્ષ રીતે થવી જોઈએ તે વિષે કડક ચેતવણી આપવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આવકવેરા વિભાગ, એનફોર્સમેન્ટ ડીરોકટોમેટ તથા રેવન્યુ ઈન્ટેલીજન્સ જેવી એજન્સીઓ કેન્દ્રીય નાણામંત્રાલય હેઠળ કામ કરે છે. ચૂંટણી પંચે એમ પણ કહ્યું કે આચારસંહિતા દરમ્યાન સરકારને ચૂંટણીમાં નાણાંનો ખોટો ઉપયોગ થતો હોવાની બાતમી મળે તો ચૂંટણી પંચ અથવા સંબંધિત રાજયોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને આપવી જોઈએ.

અત્રે ઉલ્લેખનીય છે કે ગઈકાલે રવિવારે મધ્યપ્રદેશના મુખ્યમંત્રી કમલનાથની નજીકના પ્રવિણ કકકડને ત્યાં આવકવેરા વિભાગે મોટાપાયે દરોડો ઓપરેશન હાથ ધર્યુ હતું. રાજયમાં કમલનાથ સરકારના ગઠન બાદ મુખ્યપ્રધાનના ઓએસડી તરીકે પ્રવિણ કકકડની નિમણુંક થઈ હતી જોકે, ધારાસભા ચૂંટણી જાહેર થયા પૂર્વે તેઓએ રાજીનામુ આપી દીધુ હતું. આવકવેરા વિભાગે તેઓ સાથે સંકળાયેલ લોકોને પણ ઝપટે લીધા હતા અને મધ્યપ્રદેશ, ગોવા તથા દિલ્હીમાં કુલ ૫૦ સ્થળોએ દરોડા પાડયા હતા. થોડા દિવસ પૂર્વે કર્ણાટક, આંધ્રપ્રદેશ તથા તામીલનાડુમાં પણ આવી કાર્યવાહી કરવામાં આવી હતી. વિરોધપક્ષોને નિશાન બનાવવાના ઈરાદે જ સરકારે આવી કાર્યવાહી કરાયાનો વિપક્ષોએ આરોપ લગાવ્યો હતો.

ચૂંટણીપંચે એમ કહયું છે કે ચૂંટણી સમયે નાણાંમા દુરૂપયોગથી મુક્ત અને ન્યાયી ચૂંટણી યોજવામાં અવરોધ ઉભો થાય છે નાણાં મંત્રાલય હેઠળની એજન્સીઓએ કાયદાની મર્યાદામાં રહીને કાર્યવાહી કરવી જોઈએ.

દરમ્યાન મધ્યપ્રદેશના મુખ્યપ્રધાનને નજીકના લોકો ઉપર આવકવેરા દરોડાને પગલે રાજકીય વિવાદ સર્જાયો હતો આજે સતત બીજા દિવસે દરોડા કાર્યવાહી જારી રાખવામાં આવી છે. ૯ કરોડની રોકડ ઉપરાંત ઈલેકશન બોન્ડની ખરીદી થયાના દસ્તાવેજો હાથ લાગ્યા છે. ઉપરાંત અમુક ઉમેદવારોના ખર્ચને લગતી માહિતીઓ પણ મળી છે. આયકર દરોડા કાર્યવાહીમાં કેટલાંક મોટા નામો ખુલવાની પણ આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. દરોડાની કાર્યવાહીને પગલે જબરો રાજકીય વિવાદ ઉભો થયો છે.






















C M Y K